# સંવેદના ધારદાર તો જ સહાનુભૂતિનો સ્ત્રોત વહે જોરદાર...!



જીવન સરગમ

બિન્દુબેન કચરા

એક વાર એક અનાચાર આચરનારી એક અબળાનો ન્યાય કરવા એક ગામના કહેવાતા ડાહ્યા માણસો ગામની ભાગોળે ભેગા થયા. આ કુલટા સ્ત્રી છે, તેણે ઘણા યુવકોનાં જીવન બરબાદ કર્યાં છે. એને પથ્થર મારીને મારી નાંખો, એવો ન્યાય તેમણે આપ્યો. લોકોએ હાથમાં પથ્થર ઉપાડયા પણ અબળા પ્રત્યે જેનું દિલ અનુકંપાથી ઊભરાતું હતું એવા એક ઓલિયાએ એમને પડકાર ફેંકતા કહ્યું- ‘‘તમારામાંથી જેણે એક પણ પાપ ન કર્યું હોય તે પહેલો પથ્થર ફેંકે.’’પાપથી ખરડાયેલાં લોકો એક પછી એક અલોપ થઇ ગયાં. સહાનુભૂતિ પાપી, નિષ્પાપી, દોષિત-નિર્દોષ સૌને રક્ષણ આપવા પ્રેરે છે. સહાનુભૂતિ એટલે સમભાવ-સંવેદના- દિલસોજી-અન્ય સૌ માનવી, પશુ- પંખી, પુષ્પો, વનસ્પતિ પ્રત્યે કૂણી લાગણી અને અપરંપાર કરુણા, બીજાને દુઃખી થતાં જોઇ, રોગના ભોગ



બનેલા જોઇ, ગરીબોનું અમીરો દ્વારા શોષણ થતું જોઇ પીગળી જાય અને એમને દુઃખ અને દર્દમાંથી, શોષણ અને ગુલામીમાંથી મુકત કરવા ઉત્સુક બને ત્યારે સંવેદના તીવ્ર અને સહાનુભૂતિનું પવિત્ર ઝરણું અંતઃકરણમાં ઊંડે ઊંડે વહી રહે એવી પ્રતીતિ થાય.

જૈન ધર્મના તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાને પોતાના લગ્ન પ્રસંગે જમણવાર માટે કતલ કરવા પૂરેલા પ્રાણીઓની આર્તચીસો સાંભળી, તેમના હૃદયમાં સંવેદના જાગી. સહાનુભૂતિ પ્રગટી અને એમણે એ પશુઓના જીવ બચાવવા, રક્ષણાર્થે લગ્નની જાન પાછી વાળી.

યજ્ઞોમાં નિર્દોષ, રાંક પ્રાણીઓની હત્યા થતી જોઇ અને કહેવાતા ઉચ્ચ વર્ણોનાં લોકો દ્વારા શુદ્રોની માનહાનિ થતી જોઇ બુધ્ધ, મહાવીરનાં હૃદય હચમચી ઊઠયાં અને હિંસા- વર્ગભેદનાં દૂષણો સામે એ રાજપુત્રોએ બંડ જગાડી અહિંસા અને સમાનતા, બંધુત્વ અને પ્રેમભાવનું સામ્રાજય સ્થાપ્યું અને આ બધી સંવેદનાએ એમને રાજપાટ છોડી જનહિતાર્થે અરણ્યમાં કઠોર તપશ્ચર્યા કરવા પ્રેર્યા.

કલિંગના વિજય પછી યુધ્ધના મેદાનની મુલાકાત લેતાં સમ્રાટ અશોકે હાથી-ઘોડા વચ્ચે અસંખ્ય મનુષ્યોના મુડદાં જોયાં. જખમી થયેલાં સૈનિકોની હૃદયભેદક ચીસો સાંભળી, નિરાધાર બનેલી સ્ત્રીઓનું આક્રંદ સાંભળ્યું અને એના હૃદયમાં સંવેદના જાગી. આટલા બધાંનો સંહાર કરી મેં વિજય નહીં પણ પરાજય હાંસિલ કર્યો છે. ક્ષુબ્ધ હૃદયમાં વિજયના ઉન્માદક નશાને બદલે ઊંડી સહાનુભૂતિ પ્રગટી. ફરી કદી યુદ્ધ ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

સાચે જ સંવેદનશીલતા સુરંગની પેઠે અભિમાનરૂપી ખડકોના ચૂરેચૂરા કરી નાંખે છે.

અમારું ફ્રેન્ડસર્કલ એક દિવસ એક પ્રસંગે ભેગું થયું હતું. મિલીના ઘરની વાસ્તુપૂજાનું સૌ મિત્રોને આમંત્રણ હતું. અમે બધા મિત્રોએ નક્કી કર્યું કે જરૂર આપણે સૌ આ પ્રસંગે જઇશું. જેથી આ બહાને એકમેકને ઘણા સમયે મળીશું.

હું ત્યાં બધાં કરતાં જરા વહેલી પહોંચી ગઇ હતી. પૂજા તો ચાલુ થઇ ગઇ હતી. મારા મિત્રોની હું રાહ જોતી બેઠી હતી. કેટલાંક લોકો બીજા રૂમમાં વાતોમાં મશગુલ હતાં. હું પણ ત્યાં જઇને બેઠી. યુવા પેઢીના પ્રશ્નોથી માંડી રાજકારણના આટાપાટા, ફિલ્મી એકટર-એકટ્રેસના લગ્ન અને છૂટાછેડા તો બ્યૂટીપાર્લરથી માંડીને લેટેસ્ટ ફેશન, કપડાં, દાગીના, પરીક્ષા, માતાપિતા, બાળકો અને ટેન્શન... બસ વાતો જ વાતો. પૂજામાં કોઇને રસ લાગતો નહોતો.

એટલામાં મિલીના સગાં અમીમાસી આવ્યાં. તે કહેવા લાગ્યાં ‘‘મિલીને તો આ ઘર સાવ સસ્તામાં મળી ગયું. આ મકાનમાલિક મંદીમાં દેવામાં સપડાયો અને મુસીબતમાં ઘર પાણીના મૂલે વેચી દેવું પૂર્ણ કર્યું. ખરેખર મિલી તો ફાવી ગઇ.’’

પછી આજે ખાવામાં શું છે? એની વાતો ચાલી. મિલીનાં ઉંમરવાળા ફોઇ બોલ્યાં, ‘‘આમ તો અમારા ઘરમાં બધાંને ગુજરાતી મિઠાઇઓ બહુ જ ભાવે છે. અમારા મહારાજ શું સરસ મગજ, સુખડી અને મોહનથાળ, બુંદીના લાડુ બનાવે છે... પણ... શું થાય? ગામમાં રેલ આવી, સાથે વાવાઝોડું આવ્યું. એમાં આખું કુટુંબ ખલાસ થઇ ગયું. મહારાજ દેશમાં ગયો. અરે, ખરા સમયે આટલો જૂનો માણસ કામમાં ન આવ્યો. એના સગા બીજા એક બહેન બોલ્યાં, ‘‘રેલમાં ગામનાં ગામ સાફ થઇ ગયાં. રાહત ફંડ ઉઘરાવવા આવ્યાં હતાં. એમાં અમે ફંડ નોંધાવ્યું.’’

તરત જ ફોઇબા બોલ્યાં- ‘આપણા દેશમાં તો આવું બધું ચાલ્યા જ કરે, એક વર્ષે ધરતીકંપ તો બીજા વર્ષે રેલ, વાવાઝોડું. આનો કોઇ અંત જ નથી. કેટલી વાર ફંડફાળા આપ્યા કરવાના? એક બાજુ પૂજા પૂરી થઇ અને ફોઇબાએ બધાંને ચાંદીની દીવી વાસ્તુ નિમિત્તે ભેટ આપવા માંડી. હું વિચારવા લાગી કે આપણી કહેવાતી કેટલીક ‘સુખી ઘર’ની બહેનો ચાંદીનાં વાસણો, કેટરીંગ, દાગીના વગેરે મોટાઇ બતાવવા પૂરતી જ મર્યાદિત છે? બસ, તમારી સંવેદનશીલતા તમે કેટલી હદે ગુમાવી શકો છો કે, તમારા મહારાજનું આખું કુટુંબ ખલાસ થઇ ગયું ત્યારે તમે મગજ, સુખડી અને મોહનથાળ વિશે, તમારા સ્વાર્થ વિશે વિચારો છો, એના કુટુંબ વિશે તો વિચારો. પોતાની મોટાઇ બતાવવા, પોતાના પ્રસંગની વાહ વાહ બોલાવવા મહેમાનોને ચાંદીની દીવીની લ્હાણી અને પૂરમાં નિરાધાર બનેલાં લોકો માટે દાન કરવામાં હાથ ટૂંકો... પણ સમજો... આપણા આવા લાગણી વગરના વ્યવહારનું બાળક જરૂર અનુકરણ કરે છે અને મોટાં થઇને આપણી સાથે એવું જ સહાનુભૂતિ વગરનું વર્તન કરે છે.

નિર્દોષ નાનાં બાળકોમાં પણ સહાનુભૂતિ હોય છે. ભૂખ્યાને ભોજન આપવાની, તરસ્યાને જળ પાવાની ને નિર્વસ્ત્રને વસ્ત્ર આપવાની એને અભિલાષા હોય છે. એક વાર લંડનમાં એક પરદેશી બાળકે ગાંધીજીને ફકત પોતડી પહેરેલાં જોઇને કહ્યું- ‘‘અંકલ, તમારું શરીર ઉઘાડું છે તો હું મારી મમ્મીને કહીને તમારે માટે એક ખમીસ લઇ આવું?’’

ગાંધીજીએ કહ્યું- ‘‘બેટા મારા ભાઇઓ પાસે ખમીસ નથી તો હું કેવી રીતે પહેરી શકું?’’

છોકરાએ કહ્યું- ‘‘તમારા કેટલા ભાઇ છે? એ બધા માટે હું ખમીસ લાવી દઉં.’’

હળવેથી છોકરાના ગાલે ચૂટી ખણતાં ગાંધીજીએ હસીને કહ્યું ‘‘ચાલીસ કરોડ.’’ પેલો વિદેશી છોકરો નવાઇ પામીને ચાલ્યો ગયો. વિદેશી છોકરાના મનમાં કેવી સહાનુભૂતિ જાગી? ગાંધીજીમાં પણ કેવી સહૃદયતા! સંવેદના...! તો વાચક મિત્રો! સહાનુભૂતિ આંતરિક હોય છે. એથી એની પ્રતીતિ માત્ર વ્યકિતના વર્તન દ્વારા જ થઇ શકે છે. આપણા એક મૂર્ધન્ય નેતા જર્મનીના પ્રવાસે ગયા ત્યારે એ સમયના ત્યાંના વડા પ્રધાન એમને હિટલરની ક્રૂરતાના અવશેષ સમી ગેસ ચેમ્બર બતાવવા લઇ ગયા. આ ગેસ ચેમ્બરોમાં હજારો યહૂદીઓને ગૂંગળાવીને મારી નાંખવામાં આવ્યા હતા. એનું વર્ણન સાંભળીને એ નેતાની આંખમાં આંસુ આવી ગયા. એ દિવસે એ પોતાનું ભોજન લઇ શકયા નહીં. સંવેદન વિના સહાનુભૂતિ શકય નથી અને સંવેદના સહૃદયતા વિના સંભવી શકે નહીં!

આજનો માનવી પશુમાંથી સીધો યંત્ર બની ગયો છે. દરરોજ છાપાંઓમાં અકસ્માતો, હુલ્લડો, બળાત્કાર, હત્યા, આતંકવાદ, બોમ્બ વિસ્ફોટ, ગોળીબાર, માનવ માનવનું જ ખૂન પીવાનો તરસ્યો થયો છે. સંવેદના મરી પરવારી છે.

મચ્છર મારવા કરતાં પણ માનવને મારવાનું સહેલું બની ગયું છે.

સંવેદના ધારદાર બને તો જ સહાનુભૂતિનો સ્ત્રોત ફરી વહેતો થઇ શકે. માનવને એટલી જ વિનંતી કે ‘હે માનવ! તું માનવ બન!’

**આપણી કહેવાતી કેટલીક ‘સુખી ઘર’ની બહેનો ચાંદીનાં વાસણો, કેટરીંગ, દાગીના વગેરે મોટાઇ બતાવવા પૂરતી જ મર્યાદિત છે? બસ, તમારી સંવેદનશીલતા તમે કેટલી હદે ગુમાવી શકો છો કે તમારા મહારાજનું આખું કુટુંબ ખલાસ થઇ ગયું ત્યારે તમે મગજ, સુખડી અને મોહનથાળ વિશે, તમારા સ્વાર્થ વિશે વિચારો છો, એના કુટુંબ વિશે તો વિચારો**